આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૭૦ | ૧૦ ડિસેમ્બર, ૨૦૧૨, સોમવાર; કારતક વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

07 દિવસ બાકી મતદાન

# ગુજરાતે કેન્દ્રના ફંડનો ઉપયોગ કર્યો જ નથી : મનમોહનસિંહ

## બાળકોની વસ્તી પૈકી મોટો હિસ્સો પ્રાથમિક શિક્ષણથી વંચિત : વિભાજનાત્મક રાજકારણથી ગુજરાતને મુક્ત કરવાનો સમય આવી ગયો છે

અમદાવાદ, તા. ૯

કેન્દ્રની યુપીએ સરકારે ગુજરાતને જે ભંડોળ ફાળવવામાં આવ્યું છે તેનો ગુજરાત સરકારે પુરો ઉપયોગ કર્યો નથી. ગુજરાતમાં ૧૦ લાખથી વધારે યુવાનો બેરોજગાર છે. ગુજરાત સમૃદ્ધ હોવા છતાં ૫૫ ટકા મહિલાઓ કુપોષણનો શિકાર છે. રાજ્ય સરકારની બેદરકારીના કારણે આદિવાસી બાળકો ભણવામાં પાછળ રહી ગયા છે. તેમ વડાપ્રધાન ડૉ.મનમોહનસિંઘે આજે દક્ષિણ ગુજરાતના વાંસદામાં જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું. સિંહે નરેન્દ્ર મોદી સરકારને ટાર્ગેટ બનાવતા કહ્યુ હતુ કે વિભાજનાત્મક રાજકારણથી ગુજરાતને મુક્ત કરાવવાનો સમય આવી ગયો છે. ભાજપ શાસિત રાજ્યોમાં લઘુમતિ બિનસુરક્ષિત અનુભવ કરી રહ્યા છે જે દુખની વાત છે. કોંગ્રેસ પાર્ટીએ હમેશા દેશના લોકોને સંગઠિત કરવાનું કામ કર્યુ છે. સમાજ અને દેશને વિભાજિત કરવા પ્રયાસ કરી રહેલા લોકોને ફરી તક આપવી જોઈએ નહીં તેમ સિંહે કહ્યુ હતુ.

વડાપ્રધાન મનમોહનસિંઘે ગુજરાતની પ્રજાના વખાણ કરતાં કહ્યું કે, ગુજરાતની એક અલગ ઓળખ છે. લોકો પોતાની યોગ્યતાથી અને મહેનતથી આખી દુનિયામાં ઓળખાય છે. ગુજરાત રાજ્યને વિકસીત રાજ્યમાં ગણવામાં આવે છે. તેનું કારણ છે કે લોકોમાં અનોખી ક્ષમતા છે. કોંગ્રેસ સરકારોએ ગુજરાતમાં ઘણી ઝડપી ઔદ્યોગિક ક્રાંતિ કરી. સવાલ ઉભો થાય છે કે આ પ્રગતિનો લાભ કોને મળે છે? વિકાસનો ફાયદો બધાને મળે છે? ગામડાઓને મળે છે? પછાત લોકોને, અનુસુચિત અને જનજાતી કે લઘુમતીઓને મળે છે? આ ઘણો મહત્વપૂર્ણ સવાલ છે.

અફસોસ છે કે ગુજરાતની ભાજપ સરકાર આમાં નિષ્ફળ રહી છે. દુખની વાત છે કે ગુજરાત જેવા સમૃદ્ધ રાજ્યમાં ૫૫ ટકા મહિલા કુપોષણનો શિકાર હોવાનું જણાય છે. તેમજ બાળકોની વસ્તીનો મોટો ભાગ પ્રાથમિક શિક્ષણ પણ પુરું કરી શકતો નથી. રાજ્ય સરકારની બેદરકારીના કારણે આદિવાસી બાળકો ભણવામાં પાછળ રહી ગયા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં દક્ષીણ ગુજરાતના વાંસદા ખાતે જાહેરસભામાં વડાપ્રધાન ડૉ.મનમોહનસિંઘે મતદારોને અપીલ કરતા કહ્યું કે, ફૂટ પાડનાર રાજકીય નેતાઓને આ વખતે હરાવી દો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમે વિપક્ષની જેમ સમાજમાં ભાગલા પાડવાનું રાજકારણમાં નથી કરતાં, આ પ્રકારની રાજનીતિથી કોઈપણ પક્ષને લાંબા સમય સુધી તેનો લાભ નથી મળતો. હવે ગુજરાતની જનતાએ આ પ્રકારના રાજકારણમાંથી મુક્ત થવાનો સમય આવી ગયો છે. આપણા સમાજ અને દેશના વિભાજન દ્વારા મત માંગતા રાજકારણીઓને સત્તા પર નહીં બેસવા દેતા. દરેક રાજ્યમાં નબળા વર્ગનું ઉત્થાન અને લઘુમતિઓની સલામતીની જવાબદારી જે તે રાજ્ય સરકારની હોય છે પણ ગુજરાત સરકારે આ મુદ્દે વધુ ધ્યાન નથી આપ્યું. ગુજરાતમાં ૧૦ લાખથી વધારે લોકો બેરોજગાર છે. કોંગ્રેસ સરકાર આવશે તો દરેકને રોજગાર મળે તે દિશામાં કામ કરશે. મહેનતનું લોકોને કોંગ્રેસ સરકાર તમામ લાભ આપશે. ગુજરાતમાં યોગ્ય રીતે વિકાસ થાય. ગરીબી દૂર કરવામાં ફાયદો થાય. મહિલાઓ અને બાળકોનો વિકાસ થાય. અનુસૂચિત જાતી જનજાતીઓ વિકાસની દોડમાં ભાગીદાર બને. કોંગ્રેસ પાર્ટીએ હંમેશા સમાજને જોડવાનુ કાર્ય કર્યુ છે. વિરોધી પાર્ટીઓની જેમ અમે સમાજનું વિભાજન નથી કરતા. આ રાજનીતિ ખરાબ છે અને વધારે સમય સુધી ફાયદો અપાવતી નથી. હવે સમય આવી ગયો છે કે આવી રાજનીતિથી ગુજરાતને છૂટકારો અપાવો. કોઈપમ સરકારની જવાબદારી હોય છે કે આમ આદમીને ખાસ કરીને સમાજના નબળા વર્ગો અને લઘુમતિઓને સલામતીનો અનુભવ કરાવે. ગુજરાત સરકાર તેમાં નિષ્ફળ ગઈ છે. અલ્પસંખ્યક અસલામતિ અનુભવી રહ્યા છે.




# જિલ્લાની પાંચ બેઠકો માટે ચૂંટણી ખર્ચ પાંચ કરોડ થશે

## પંચના નવા સુધારાઓને પગલે તેમજ મતદાર જાગૃત્તિ અભિયાનને પગલે ખર્ચના ભારણમાં વધારો : મતદાર દીઠ રૂ. ૫૦નો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો પરની ચૂંટણી માટેનો ચૂંટણીપંચને રૂ. પાંચ કરોડ જેટલો ખર્ચ થવાના પ્રાથમિક અંદાજો છે.

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થઈ ગઈ છે અને બે તબક્કાની આ ચૂંટણી માટે ૩જી ઓક્ટો. ૨૦૧૨ના રોજ જાહેરાત પંચ દ્વારા કરવામાં આવી હતી. ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા પાછળ જિલ્લામાં એક અંદાજ મુજબ રૂ. પાંચ કરોડનો ખર્ચ થવાના પ્રાથમિક અંદાજો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ પંચે આ વખતે ચૂંટણીમાં કરેલા કેટલાક મહત્વના સુધારાઓ તેમજ તાલિમ અને વાહન-વ્યવહારને લઈ ખર્ચમાં વધારો થશે. આ ઉપરાંત આ ચૂંટણીમાં મતદાન બે પ્રકારે હાથ ધરાવાનું છે.જેમાં એક બેલેટ દ્વારા અને બીજુ ઈ.વી.એમ. દ્વારા. બેલેટથી મતદાન અત્યાર સુધી માત્ર સર્વિસ વોટર્સ કરતા હતા પરંતુ પંચે આ વેળાએ તે વ્યાખ્યામાં સુધારા કરી અને વ્યાપ વધારતાં બેલેટ દરેક જિલ્લામાં ૨૦ હજાર જેટલા છપાવવાના થાય છે.

વાહન વ્યવહાર તેમજ કર્મચારીઓની તાલિમ પાછળ પણ પંચે સારો એવો ખર્ચ કર્યો છે. પંચે પોલીસ જવાબ સહિતના કર્મચારીઓને તાલિમ આપી છે એટલું જ નહિ જિલ્લામાં પહેલીવાર પાંચ પ્રકારના નિરીક્ષકોની નિમણુંક કરી છે. મતદારયાદી માટે અલાયદા નિરીક્ષક, સ્વીપ કાર્યક્રમ અંતર્ગત અલગ નિરીક્ષક તેમજ સામાન્ય નિરીક્ષકો, ખર્ચ નિયંત્રણ માટેના નિરીક્ષકો અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટે અલાયદા નિરીક્ષકની નિમણુંક કરી છે.

પંચ દ્વારા આ વખતે મતદાર જાગત્તિ અભિયાનને લઈ મતદાર સ્લીપ પણ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત પંચની વિવિધ કામગીરીને લઈ ચૂંટણી વિષયક સેવાઓનો વ્યાપ વિસ્તારવામાં આવતાં ખર્ચનું ભારણ વધવા પામ્યું છે. પંચે પહેલીવાર અક્ષાંશ-રેખાંશ આધારિત મત વિસ્તારોનું અને મતદાન મથકોનું મેપીંગ કરાવ્યું છે. નવા સીમાંકન પ્રમાણે પ્રથમવાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી હોવાથી પણ ખર્ચનું ભારણ થોડુ વધ્યુ છે. મળતી વિગતો મુજબ જિલ્લામાં એક બેઠકની વૃધ્ધિ થઈ છે તેથી કર્મચારીઓની જરૂરિયાત પણ વધવા પામી છે. મતદારોની સંખ્યામાં સારો એવો વધારો થવા પામ્યો છે. જિલ્લામાં પાંચ બેઠક છે. ૯.૯૯ લાખ મતદારો છે એટલે સરેરાશ એક મતદાર પાછળ અંદાજે રૂ. ૫૦નો ખર્ચ થશે મનાઈ રહ્યું છે.

પંચે ખર્ચ નિયંત્રણ માટે સ્ટેટીક સર્વેલન્સ, ફ્લાઈંગ સ્કવોડ સહિત ઘણી બધી નવી બાબતો પણ દાખલ કરી છે એટલે ખર્ચમાં વધારો થયો હોવાનું મનાઈ રહ્યું છે.

આ સામાન્ય ચૂંટણીઓ પૂર્વે પંચે પાંચ વાર મતદારયાદી સુધારણાનો કાર્યક્રમ હાથ ધર્યા હતા એ પણ ઉલ્લેખનીય છે. આ વખતે પોષ્ટલ બેલેટ પણ આર.પી. એ.ડી. થી રવાના કરતાં ખર્ચમાં વધારો થવા પામ્યો છે.







